| દિવ્ય કૃપા | દિવ્ય આશિષ | દિવ્ય દૃષ્ટિ |
|---|---|---|
| પ.પૂ. તપાગચ્છ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી જયઘોષસૂરિશ્વરજી મ.સા. | પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. | પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી મુક્તિદર્શન સૂરિશ્વરજી મ.સા. |

શ્રી જૈન સંઘ અંતર્ગત

# શ્રી વર્ધમાન પરિવાર

જય પામો જય પામો મારા પ્રભુનું શાસન જય પામો

|| નમો નમઃ શ્રી જિન શાસનાય ||


**શ્રી વર્ધમાન પરિવાર : REG. No. E-21109**

રજીસ્ટર્ડ ઑફિસ : પ્રભાવતીબેન છગનલાલ સરકાર સંસ્કૃતિ ભવન,
અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ૬, ધન મેન્શન, ઑપેરા હાઉસ, મુંબઈ -૪૦૦૦૦૪.

ફોન નં. : ૦૨૨ - ૨૩૮૯ ૫૮૫૭ / ૨૩૮૮ ૭૬૩૭





આર્યાવર્તની મહાપ્રજાના ચાર પુરુષાર્થની સંસ્કૃતિની પુનઃસ્થાપના કરીને મહાપ્રજાના આધ્યાત્મિક સ્તરોને મજબૂત કરવા આ ચક્ર ગતિમાન રહે. – શ્રી વેણીશંકર મુરારજી વાસુ

## જીવરક્ષા અભિયાન કાજે નમ્ર નિવેદન




❖ પાતાળે દટાતા જતા ભારતીય સંસ્કૃતિના ગૌવર્ધનને ફરી ઊંચો કરી, તેની ઢાલ કહેવાતા નૂતન વિકાસ પરંતુ હકીકતે સર્વનાશની સામે ધરવા, અબોલ પણ અણમોલ પશુ-ધનની રક્ષા કરવા, વનરક્ષા-ભૂક્ષા-પશુરક્ષા અને જલરક્ષાના તારક ચતુષ્કને ગતિમાન રાખવા તથા સામાન્યજનને પણ આ જીવન દોહીલું લાગવાને બદલે પ્રભુનો ઉત્તમ ઉપહાર લાગે તેવી પરિસ્થિતિ સર્જવાના ભગીરથ કાર્યમાં આપ જોડાઓ તે માટે અમારું આહ્વાન અને નમ્ર નિવેદન છે.

❖ શ્રી વર્ધમાન પરિવાર અને સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ વતી કતલખાને જતા જીવોને જાનના જોખમે બચાવવા અનેક કાર્યકરો ભારતભરમાં કાર્યરત છે. આખા વરસ દરમિયાન છૂટાછવાયા પકડાતા હજારો પશુઓને કતલખાને લઈ જનારી ટ્રકો, ટ્રેન તેમજ અસામાજિક તત્ત્વો દ્વારા કતલખાને જતાં પશુઓને જાનના જોખમે પીછો કરી પકડી પાડી જીવોને બચાવાય છે... પછી પોલીસ કેસ થાય છે... પશુઓની અંતિમ કસ્ટડી લેવાય છે... કોર્ટમાં કેસ કરવામાં આવે છે...


**માલેગાંવ :** વર્ધમાન નગર, શ્રી સ્વામિ સમર્થ કેન્દ્રની બાજુમાં, માલેગાંવ, જિલ્લો : નાશિક, મહારાષ્ટ્ર. પીનકોડ: ૪૨૩૨૦૩. ફોન નં. : ૦૨૫૫૪ - ૨૫૨૧૬૨
**કેશરીચંદજી સંપતરાજજી મહેતા :** ૮૦૦૭૧૬૨૧૬૨

**બોરીવલી કેન્દ્ર :** ૧૦૧, સુંદર ધામ કૉ-ઑપ. હાઉસિંગ સોસાયટી, જામલી ગલી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૯૨. ફોન નં. : ૦૨૨ - ૨૮૯૯ ૬૨૫૪
**જિતુભાઈ દલીચંદ. શાહ :** મોબાઈલ : ૯૩૨૨૨૩૨૫૬૮

**કાંદિવલી :** બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, બાલભારતી સ્કૂલની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન નં. : ૦૨૨ - ૨૮૦૮૨૪૧૪
**અતુલકુમાર વ્રજલાલ શાહ:** ૯૩૨૪૪૭૦૦૫૪

**મલાડ :** ૧, કૃષ્ણ ભુવન, સાંઈનાથ રોડ, ટેલિફોન એક્સ્ચેન્જની સામે, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪. ફોન નં. : ૦૨૨ - ૨૮૮૧૧૧૭૩
**ચંદ્રકાંતભાઈ એચ. શાહ :** મોબાઈલ : ૯૩૨૧૮૭૯૩૪૩
**પ્રકાશભાઈ બી. શાહ :** ૯૮૨૫૧૫૮૧૩૮

**ઘાટકોપર :** ૧૯૧/૭, મહાત્મા ગાંધી ચાલ, અંબિકા ભવનની પાછળ, સ્વામિનારાયણ મંદિરની સામે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૯૯. ફોન નં. : ૦૨૨ - ૨૧૦૨૪૧૨૬
**હિરેનભાઈ દિનેશભાઈ શાહ :** ૯૩૨૪૦૩૨૫૫૦
**કમલેશ આર. શાહ :** ૯૩૨૩૯૦૮૪૮૦


શાસન સેવા કાજે થનગનતા યુવાન પાસે ત્રણ અપેક્ષા-યાચના

| | |
|---|---|
| શ્રધ્ધા | શ્રુત સંપન્નતા |
| સમર્પણ | ચારિત્ર સંપન્નતા |
| સંગઠન | આચાર સંપન્નતા |

# સુપ્રિમ કોર્ટમાં જીવદયા પ્રેમીઓનો જ્વલંત વિજય

## બાંગલાદેશમાં લઈ જતા પશુઓ પર થતો અત્યાચાર



પશુઓની આંખમાં લીલું /લાલ મરચું
અને તેમનું વજન વધારવા
કોપર સલ્ફેટ (મોરથુથુ)
પીવડાવમાં આવે છે.





દેવગુરુ ધર્મની પરમકૃપાથી શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટ ‘પ્લન્ડર ઑફ ઈન્ડિયા’ના આધારે ભારતની બૉર્ડર પરથી બાંગ્લાદેશમાં કતલ માટે દાણચોરી દ્વારા જતા આશરે ૧ કરોડ પશુઓને અટકાવવા સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘ દ્વારા સુપ્રિમ કોર્ટમાં તા. ૨૪.૦૪.૨૦૧૫ના દાખલ કરેલ રીટ-પિટિશન નંબર : ૨૧૦/૨૦૧૫નો સ્વીકાર કરી માત્ર ૯૦ દિવસમાં જ તા. ૧૩.૦૭.૨૦૧૫ના આપેલ સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં જણાવ્યું છે કે...

બૉર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા આ પશુઓની થતી ગેરકાયદેસર દાણચોરી સંપૂર્ણ બંધ કરવામાં આવે.

બૉર્ડરના પ્રત્યેક રાજ્યોને આ બાબતમાં કડક પગલાં લઈને એક પણ પશુની દાણચોરી **(Smuggling)** ન થાય.

દેશની પ્રત્યેક બૉર્ડરને બંધ **(Seal)** કરવામાં આવે.

રાજ્યોમાં એનિમલ વેલ્ફેર બૉર્ડને કાર્યરત કરવા કહ્યું હતું.

**PCA**ના કાયદાનો કડક રીતે અમલ થવો જોઈએ. બૉર્ડર પર પકડાયેલ પશુની હરાજી ન થવી જોઈએ.

પરંતુ ગૌશાળા-પાંજરાપોળને આપવા આદેશ કરેલ છે. એક પણ પશુ બિન-ઉપયોગી નથી. પશુના છાણ-મૂત્રમાંથી દવા-પંચગવ્ય બનાવવા જોઈએ. વાર્ષિક લગભગ ૧ કરોડ પશુઓની ભારતથી બાંગ્લાદેશમાં થતી દાણચોરી રોકવા શ્રી વર્ધમાન પરિવારના રિસર્ચ રિપોર્ટના આધારે ૯૦ દિવસમાં જ સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદાથી જૈન શાસનમાં અભયદાન અવસર પ્રાપ્ત થયો.

રોજના ૨૫,૦૦૦ જીવો બચાવવા સરેરાશ એક જીવની અંદાજિત ઓછામાં ઓછી રકમ રૂા. ૧૦,૦૦૦ની પણ કિંમત ગણીએ તો રોજના ૨૫,૦૦,૦૦,૦૦૦ (પચ્ચીસ કરોડ)નું પશુધન આ એક ચુકાદાથી બચી ગયું છે. ● ●

# દેશની બહાર જતા પશુઓને રોકવાનો રોડમેપ



ટ્રાન્સ્પોર્ટેશનના કાયદાના સુધારા માટે કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીને રજૂઆત.

સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ હોમ મિનિસ્ટ્રી દ્વારા નિમાયેલી સમિતિ દ્વારા દેશની બહાર જતા પશુધનને રોકવા માટે રોડમેપની તૈયારી અને તે સમિતિમાં શ્રી વર્ધમાન પરીવાર અને સખી સંસ્થા દ્વારા મહત્ત્વનું યોગદાન. ●●●

# બૉર્ડર મેનેજમેન્ટ (High Power) કમિટીની રચના કરવામાં આવી



શ્રી વર્ધમાન પરિવારે બોર્ડર પર થતી પશુઓની દાણચોરીનો રિસર્ચ રિપોર્ટ પૂર્વ ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહને મુંબઈના વિધાનસભ્ય શ્રી મંગલપ્રભાત લોઢા દ્વારા આપવામાં આવ્યો.

સર્વોચ્ચ અદાલત દ્વારા હોમ અફેર્સ મિનિસ્ટ્રીના વડપણ હેઠળ વિદેશમાં કતલ માટે થતી પશુઓની દાણચોરી અટકાવવા માટે બોર્ડર મેનેજમેન્ટની **(High Power)** કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં અમારી સખી સંસ્થા અખિલ ભારતીય કૃષિ ગોસેવા સંઘ આ કમિટીના મેમ્બર તરીકે મહત્ત્વનો રોલ અદા કરી રહેલ છે. ●●●

# બકરી ઈદમાં હંગામી કતલખાનાં ખોલવા માટે વડી અદાલતની મનાઈ



અગાઉ બૉમ્બે હાઈકોર્ટમાં બળદની કતલ સામે અપાયેલા તા. ૨૯.૦૮.૨૦૧૪ના આદેશને રિવ્યુ કરવાની રાજ્ય સરકાર અને પાલિકાની બે વખતની સુનાવણીને નિષ્ફળતા મળી હતી. જ્યારે અન્ય એક કેસમાં હંગામી કતલખાનાં ખોલવાની માંગણીની અરજી હાઈકોર્ટે નામંજૂર કરી હતી. બકરી-ઈદમાં હંગામી કતલખાના ખોલવાની એક અરજી ન્યાયમૂર્તિ મહેતા અને અન્ય ન્યાયમૂર્તિ સૈયદની બૅન્ચ સમક્ષ સુનાવણી કરવામાં આવી હતી. અરજીકર્તાએ બકરી ઈદમાં ત્રણ દિવસ સુધી હંગામી કતલખાના ખોલવા માટે દાદ માંગવામાં આવી હતી.

જેની સામે અખિલ ભારત કૃષિ ગૌ-સેવા સંઘ, અખિલ ભારત ગૌસંવર્ધન પરિષદના વકીલોએ દલીલો કરી હતી અને રિબેરો કમિટીના રિપોર્ટ પ્રમાણે હંગામી કતલખાના નહીં ખોલવા તેવું નક્કી કરવામાં આવ્યું છે તે બાબાત કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરાઈ હતી. તેમજ શ્રી વર્ધમાન પરિવારના સભ્ય દ્વારા આર.ટી.આઈ. અને સુપ્રિમ કોર્ટના જજમેન્ટ અને તારણો રજૂ કરાતાં વડી અદાલતે આ અરજી ફગાવતા જાહેરમાં ગંદકી અને માંસ-લોહી સહિતનો કચરો અને ગંદકીના અને આરોગ્યનાં પ્રશ્ને ગંભીર નોંધ લઈ હંગામી કતલખાના ખોલવાની મનાઈ ફરમાવી હતી.

તા. ૨૧.૦૯.૨૦૧૫ના ભારતીય ગૌવંશ રક્ષણ સંવર્ધન પરિષદ તેમજ અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ દ્વારા (બકરી ઈદના કેસમાં) જીવદયા પ્રેમી સંસ્થાના એડ્વોકેટ શ્રી પ્રફુલભાઈ શાહ, શ્રી સતીશ માનશિંદે અને શ્રી ઑમ પ્રકાશ ઝાએ દેવનાર કતલખાના સિવાય બહાર કોઈ કતલ થઈ શકે નહિ એવી દલીલો કરી વિરોધ કર્યો હતો.

અને ખુદ રાજ્ય સરકારના એટર્ની જનરલ અને મનપાના વકીલે પણ જણાવ્યું હતું કે અમે દેવનારમાં વ્યવસ્થા આપીએ છીએ તેથી ગલીઓ કે મહોલ્લાઓમાં કતલ કરવાની વ્યવસ્થાની જવાબદારી અમે વહન ન કરી શકીએ.

વર્ષ ૨૦૧૯માં બકરી ઈદના સમયે દેવનાર સિવાય બિલ્ડીંગોમાં અને પ્રાઈવેટ ફ્લેટ્સમાં કતલ કરવા માટે ૭૦૦૦ થી વધારે લાઈસન્સ ઈશ્યૂ કરી દેવામાં આવ્યા હતા. તેવા સમયે જીવમૈત્રી ટ્રસ્ટના નામે વડી અદાલતમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મુંબઈની વડી અદાલતે દેવનાર અને અધિકૃત જગ્યા સિવાય ક્યાંય પણ જાહેરમાં આ કુરબાની નહીં થઈ શકે તે માટે આદેશ કરવામાં આવ્યો હતો. જે કેસની સંપૂર્ણ તૈયારી, તેનું ડોક્યુમેન્ટેશન અને કાયદાકીય સપોર્ટ શ્રી વર્ધમાન પરીવાર દ્વારા કરવામાં આવેલ હતો. ગતવર્ષે લગભગ ૪.૫૦ લાખ બકરાઓની કતલ થઈ હતી. પરંતુ આ વર્ષે આપણા ઉપરોક્ત કેસના સંદર્ભમાં આરટીઓ અને પોલીસ ડિપાર્ટમેન્ટને પણ કોર્ટે એક્શન લેવાની તકેદારી કરતા આ આંકડો ૨.૫૫ લાખ સુધી સિમિત રહ્યો હતો. અગાઉ પણ બકરી ઈદના સમયે વધારાના ૧૨ હજાર બળદોને કતલ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં લવાતા હતા તેને હાઈકોર્ટના આદેશ દ્વારા પરવાનગી રદ કરાવવામાં આવી હતી જેના કારણે છેલ્લા ૪ વર્ષથી હજારો બળદોને જીવતદાન પ્રાપ્ત થયું છે. ●●●

# વિમાન માર્ગે લાખો જીવતા પશુઓની નિકાસ




જીવતા પશુઓની નિકાસ વખતે નાગપુરમાં ૨૦૧૮માં સરકાર દ્વારા જ વિમાનમાર્ગે લાખો જીવતા પશુઓની નિકાસ કરવાની તૈયારી કરવામાં આવી હતી. તેમાં સમગ્ર અહિંસા પ્રેમીઓને જાગૃત કરીને નાગપુર ખાતેનું તે ફંક્શન રદ કરાવવામાં આવ્યું હતું અને તુણા બંદરેથી પ્રતિવર્ષ લગભગ ૮.૫ લાખ જેટલા જીવતા પશુઓની જે નિકાસ થાય છે તેને માટે કાયદાકીય લડત ચાલુ છે. ગુજરાતની વડી અદાલતમાં બે કેસ અને સર્વોચ્ચ અદાલતમાં એક કેસ દ્વારા આ કાર્ય કાયમ માટે બંધ થાય તેના પ્રયત્નો પૂરજોશમાં ચાલુ છે. તે માટે લગભગ ૪૫ જેટલા એટેચમેન્ટ સાથે પીએમઓ, ગૃહ પ્રધાન, ફાઈનાન્સ મિનિસ્ટ્રી, કેન્દ્રના કૃષિમંત્રી, પશુપાલન વિભાગ, કોમર્સ મિનિસ્ટ્રી, ડીજીએફટી - કસ્ટમ્સ વિભાગ વગેરેના અનેક મંત્રીઓ, પોલિસ કમિશ્નર, આરટીઓના અધિકારીઓ અને લાગતા વળગતા અનેક ઓફિસરો સાથે દિલ્હીમાં તેમજ અન્ય રાજ્યોની સરકારી કચેરીઓમાં જઈને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો, ઈન્ટરનેશનલ ટ્રીટ્રીઝનો તેમજ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સાથે થયેલા કરારોનું કેવીરીતે ઉલ્લંઘન થાય છે. તેની સંપૂર્ણ માહિતી સરકારશ્રીને આપવામાં આવેલ છે.

આપ સહુના આશીર્વાદથી આ કાર્યમાં સફળતા મળે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. આપણા પ્રયત્નથી ૨૦૧૬-૧૭ માં ૧૩.૪ લાખ જીવતા પશુઓની નિકાસ થઈ હતી તે ૨૦૧૭-૧૮ માં ૮.૫ લાખ સુધી સિમિત થઈ હતી અને ૨૦૧૮-૧૯ ના હમણાં સુધીના સમયમાં લગભગ ૧.૨૪ લાખ સુધી સિમિત થયેલી છે. સાચા હૃદયથી જ્યારે પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે દેવ-ગુરૂની કૃપા કાર્યરત થયા વગર રહેતી નથી. આ નિકાસ સંપૂર્ણ બંધ થાય તેવા કાયદાકીય અને શાસકીય સર્વે પ્રયત્નો ચાલુ જ છે.

૨૦૧૮ ના પ્રથમ છ મહિનામાં લાઈવ એનિમલ્સની નિકાસ થઈ હતી તેની કમ્પેરિઝનમાં ૨૦૧૯ માં લગભગ ૭૦ થી ૮૦ ટકા નિકાસ ઓછી થઈ છે. ●●●

## વર્ષ ૨૦૧૪માં ૧૨,૦૦૦ બળદ કાપવાનો પરિપત્ર હાઈકોર્ટે રદ્દ કર્યો



રાજ્ય સરકાર દ્વારા આવશ્યક વસ્તુધારા હેઠળ મુંબઈના અતિરિક્ત કમિશ્નરની વિનંતીથી આદેશ જાહેર કરાયો હતો. બકરી ઈદના તહેવારોને અનુલક્ષીને રાજ્ય સરકારે ચૂંટણી સમયમાં ખાસ સમુદાયને ખુશ કરવા નીતિનિયમો નેવે મૂકીને પરિપત્ર જાહેર કર્યો હતા. જેની સામે અખિલ ભારતીય ગૌસંવર્ધન અને સંરક્ષણ પરિષદ તેમજ અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ દ્વારા જાહેર રિટ પીટિશન મુંબઈની વડી અદાલતમાં દાખલ કરી હતી.

સુનાવણી દરમિયાન પાલિકાના વકીલ દ્વારા આ અંગે કોર્ટનું એ વાત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે આવા પરિપત્રો ઘણા વર્ષોથી દર વર્ષે બહાર પડે છે અને કબૂલ કર્યું હતું કે અમારી પાસે જરૂરી પશુ ડૉક્ટરો નથી છતાં નિયમને બાજુમાં રાખીને પશુઓની દેવનાર કતલખાનામાં કતલ કરવામાં આવે છે.

આ વાતથી ન્યાયમૂર્તિ કોડે અને ન્યાયમૂર્તિ કનાડેએ ગંભીર નોંધ લીધી હતી અને ટકોર કરી હતી કે આ તો માંસાહારી લોકોના સ્વાસ્થ્ય સાથે તમે ચેડા કરી રહ્યાં છે.

જ્યારે પિટીશનકર્તાઓના વકીલોએ સુપ્રિમ કોર્ટના જજમેન્ટો તેમજ શ્રી વર્ધમાન પરિવારે કરેલા આર.ટી.આઈ. સહિતના અનેક દસ્તાવેજો રજૂ કર્યા હતા જેનાં કારણે છેલ્લાં ચાર વર્ષથી હજારો બળદોને જીવતદાન મળ્યું. ●●●

## મહારાષ્ટ્ર બીફ બેન કેસ સુપ્રિમ કોર્ટમાં ચાલુ છે



વર્ષ ૨૦૧૭ મહારાષ્ટ્રના બીફ બેનના કેસમાં વડી અદાલતના આદેશ પ્રમાણે બંધારણીય માન્યતા પ્રાપ્ત થઈ હતી જેનાથી હજારો બળદો અને વાછરડાઓને જીવતદાન મળ્યું હતું. તે કસમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાનો લાભ મળ્યો હતો. પરંતુ તે આદેશમાં બે કલમો રદ કરાતા ફરીવાર આ કતલ ચાલુ ન થાય તે માટે હાલ સર્વોચ્ચ અદાલતમાં લગભગ ૬ જેટલા વકીલો રોકીને અલગ અલગ સંસ્થાઓના માધ્યમે તે આદેશને રદ કરાવતા સર્વોચ્ચ અદાલતમાં લડત જારી છે. ●●●

## ગૌવંશ હત્યા પ્રતિબંધના કાયદા સામે હાઈકોર્ટમાં થયેલી પીટિશન સામેની લડત










મહારાષ્ટ્રમાં લગભગ ૨૫ હજારથી વધારે લોકોની મેદની સાથે અનેક સંસ્થાઓના સહયોગથી ગૌવંશ વધ પ્રતિબંધની રેલીનું આયોજન ઑપેરા હાઉસથી આઝાદ મેદાન સુધી કાઢવામાં આવી હતી. જેને કારણે મહારાષ્ટ્ર સરકારે ૧૯ વર્ષથી અટકી પડેલો સંપૂર્ણ ગૌવંશ વધ પ્રતિબંધનો કાયદો પસાર કર્યો હતો. જેને ૧૮ જુદી જુદી વ્યક્તિઓ / સંસ્થાઓ દ્વારા મુંબઈની વડી અદાલતમાં ચેલેન્જ કરવામાં આવ્યો છે. જેને આપણા વકીલો દ્વારા ઈન્ટરવેન્શન કરવા દ્વારા લગભગ પંદર પીટિશનમાં અલગ અલગ સંસ્થાઓ દ્વારા આપણે દલીલો કરી છે. અને તેનો ચુકાદો આપણી તરફેણમાં આવી ગયો છે. પરંતુ ૫ (ડી) અને ૯ (બી) સેક્શન રદ્દ કરાતા તેટલા અંશમાં તેને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવેલ છે.●●●

## શિવગંજ બિહારમાં પશુઓને જીવતદાન





તાજેતરમાં જ તા. ૨૯-૦૪-૨૦૧૮ ના રોજ શિવગંજ બિહારમાં ૧૦૪૧ ગાય અને બળદોથી ભરેલી ૩૩ ટ્રકોને પકડીને પશુઓને જીવતદાન અપાવ્યું છે જે પશુઓ પશ્ચિમ બંગાળની બોર્ડરથી દાણચોરી માટે લઈ જવાઈ રહ્યા હતા. ટ્રક ડ્રાઈવર, ક્લીનર અને ઓનર ઉપર એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને પશુઓની કસ્ટડી ત્યાંની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓને મેજીસ્ટ્રેટે વેકેશન બેચ દ્વારા તા. ૨૯-૦૪-૨૦૧૮ ના રોજ આપવામાં આવી છે. આવે અનેક કેસો હાલ ચાલુ છે. ●●●

## ખેડૂત સંમેલન




કેમિકલ ફર્ટિલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સના ઉપયોગને કારણે અનાજ, ફળ-ફૂલ, શાકભાજી વગેરે દૂષિત થયા છે. તે અંગે જાગૃતિ લાવવા જુદા જુદા તાલુકાઓમાં સંમેલન કરીને વિશિષ્ટ વક્તાઓને બોલાવીને રાસાયણિક ખાતરના મહાભયંકર નુકસાનોને સમજાવીને રોગ અને દવાના દોઝખમાંથી દૂર કરવા માટે અને ટ્રેક્ટરોને બદલે પશુપાલનની મહત્તા સમજાવીને પશુ આધારિત અલ્પહિંસક અર્થતંત્રની પુનઃપ્રતિષ્ઠાની સ્થાપના.

ગુજરાત રાજ્ય ઉંઝા ગામે ૨૭ જાન્યુઆરી, ૨૦૧૩ અને વિજાપુર ગામે ૩ ફેબ્રુઆરી, ૨૦૧૩ના દિવસે ખેડૂત સંમેલન કરવામાં આવ્યા હતા. ●●●

## શ્રી વર્ધમાન પરિવાર કિસાન આર્થિક સ્વાવલંબી વ્યવસ્થા


।। योजकस्तत्र दुर्लभ: ।।





૨૦૧૯માં કચ્છ અબડાસા તાલુકામાં રૂા. ૧૬,૭૫,૦૦૦/-નું જુવાર, બાજરો, મગ, તલ અને ગુવારનું બીયારણ ૨૭,૧૦૦ કિલો અડધી કિંમતમાં ખેડૂતોને આપવામાં આવ્યું. આ બીયારણ દ્વારા લગભગ ૮૦૦૦ એકર જમીનમાં વાવણી થશે. જેમાંથી ઘાસચારો તૈયાર થશે જેથી ગામડું અને ગૌવંશ બચશે તેવી આર્થિક વ્યવસ્થાના આગોતરા આયોજનનો પ્રયાસ કરેલ છે. ગત વર્ષે ૧૦ લાખ રૂપિયાના બિયારણમાંથી લગભગ ૧ કરોડ રૂપિયાનો ઘાસચારો ઉગી ગયો હતો અને હવે તેમાં પ્રતિવર્ષ નવો ઘાસચારો મળતો રહેશે. ●●●

## ગૌવંશ રક્ષણ, કુદરતી ખેતી-ઓછા ખર્ચે ખેતી







ગોબરમાંથી લાકડાઓ બનાવીને બળતણ તરીકે વાપરવામાં આવે તો જંગલ કપાતા બચી જાય અને પર્યાવરણની પણ રક્ષા.



# દુષ્કાળમાં ૨૨૪ ગામોના ૮૦,૦૦૦ પશુઓને ઘાસચારો વિતરણ

કચ્છમાં ગતવર્ષે આવેલા દુષ્કાળ દરમ્યાન અગાઉથી જ કચ્છની ધરતીની નાડ પારખીને અમારા શ્રી દેવચંદબાપા અને શ્રી જીતુભાઈ દ્વારા સખત મહેનત કરીને ૨૧ કરોડથી વધારે રૂપિયાનું અનુદાન કરવા દ્વારા લાખો પશુઓને મોતના મુખમાંથી બચાવવામાં આવ્યા છે. દેવગુરુની કૃપાથી સકળ શ્રીસંઘનો સહકાર, ગુજરાત સરકારની સબસીડી અને દાનવીરોની દાનની હેલીથી જ આ કાર્ય શક્ય બન્યું છે.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (આરતી ગ્રુપ) તેમજ શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને શ્રી દિપકભાઈ ભેદા અને અન્ય ટ્રસ્ટીઓ દ્વારા રૂપિયા સાડા ત્રણ કરોડની માતબર રકમની સહાય કચ્છ પશુ દુષ્કાળ રાહત અર્થે ફાળવી હતી.

શ્રી અમદાવાદ પાંજરાપોળ અને આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ લાલભાઈ તથા શ્રી અમદાવાદ પાંજરાપોળના અન્ય ટ્રસ્ટીઓ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં સાડા ચાર કરોડ રૂપિયાની માતબર રકમની સહાય. ૧) રૂપિયા બે કરોડનો એક ચેક રાજકોટ ખાતે પૂજ્ય યશોવિજય સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી હસ્તે અમારી સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા છે. ૨) વર્ષ ૨૦૧૬-૧૭માં રૂપિયા ૫૦ લાખ. ૩) તા. ૨૩.૦૪.૨૦૧૬ના રોજ યોગી સભા ગૃહમાં પણ ઉપરોક્ત દુષ્કાળ રાહતકાર્યમાં બે કરોડનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. કચ્છના ૨૨૪થી વધારે ગામોના ૮૦ હજાર પશુઓને નિત્ય ૧૦-૧૧ મહિનાથી જુદા જુદા સમયે ચારા આદિની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ●●●







## નોંધઃ છેલ્લા ૮ વર્ષથી ચાલી રહેલું દુષ્કાળ પશુરાહત કાર્યનું આર્થિક વિગત

| વર્ષ | રાહતકાર્યની રકમ |
|---|---|
| એપ્રિલ ૨૦૧૨ - માર્ચ ૨૦૧૩ | રૂા. ૨૭,૯૬,૪૬૫ |
| એપ્રિલ ૨૦૧૩ - માર્ચ ૨૦૧૪ | રૂા. ૪૩,૩૮,૨૬૭ |
| એપ્રિલ ૨૦૧૪ - માર્ચ ૨૦૧૫ | રૂા. ૬૮,૫૩,૯૯૮ |
| એપ્રિલ ૨૦૧૫ - માર્ચ ૨૦૧૬ | રૂા. ૪,૨૨,૮૮,૮૨૧ |
| એપ્રિલ ૨૦૧૬ - માર્ચ ૨૦૧૭ | રૂા. ૪,૨૬,૧૭,૬૬૨ |
| એપ્રિલ ૨૦૧૭ - માર્ચ ૨૦૧૮ | રૂા. ૩૭,૧૦,૩૨૦ |
| એપ્રિલ ૨૦૧૮ - માર્ચ ૨૦૧૯ | રૂા. ૯,૧૦,૮૨,૬૩૩ |
| એપ્રિલ ૨૦૧૯ - ઓગસ્ટ ૨૦૧૯ | રૂા. ૧૧,૭૮,૯૪,૬૯૩ |
| ટોટલ દુષ્કાળ રાહતકાર્ય | રૂા. ૩૧,૧૫,૮૨,૮૫૯ |

સત્યમેવ જયતે

**રેમ્યા મોહન IAS**
કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ

## પ્રશસ્તિ પત્ર

શ્રી ......પ્રમુખશ્રી, શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ......એ

વર્ષ ૨૦૧૮-૧૯ની ઐતિહાસિક અછત, એવી અછતની સૌથી વિકટ અને કપરી પરિસ્થિતિમાં જીવદયા ક્ષેત્રે આપની સંસ્થા શ્રી વર્ધમાન પરિવાર, મુંબઈ દ્વારા આવેલા પશુઓની સાર-સંભાળ કામગીરી સંપૂર્ણ વર્ષ દરમ્યાન કરેલ છે. જિલ્લાના દુષ્કાળગ્રસ્ત અબડાસા, નખત્રાણા, માંડવી, લખપત વિસ્તારના પશુધનને, કપરા સમયમાં ૩૧ ઢોરવાડાઓ ખોલી સરકારશ્રીની સહાયથી ૧૮૪૦૦ થી વધારે અબોલ પશુઓની સાર-સંભાળ, તેમજ જિલ્લાના અલગ અલગ ૪૦ થી વધારે ગામોમાં નિરણ કેન્દ્રો મારફતે ઘાસચારો પુરો પાડવાની કામગીરી કરવા બદલ આપની સંસ્થાના સન્માન કરતા જિલ્લા વહીવટીતંત્ર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. આપની સંસ્થાની જીવદયા ક્ષેત્રે કામગીરી બિરદાવવા લાયક છે અને પ્રશંસાપાત્ર છે.

આપની સંસ્થાએ અછત સમયમાં પશુનિભાવની કામગીરીની જેમ સમાજના અન્ય સેવાકીય ક્ષેત્રે સારી કામગીરી કરી, રાજ્ય તેમજ રાષ્ટ્રની વિકાસયાત્રામાં સહભાગી બને તેવી શુભકામના સહ અભિનંદન પાઠવવામાં આવે છે.

સ્થળ :- કલેક્ટર કચેરી, ભુજ
તારીખ: ૩૦/૦૮/૨૦૧૯

Collector & District Magistrate Kutch-Bhuj

**રેમ્યા મોહન IAS**
**કલેક્ટર - કચ્છ**


કલેક્ટર કચેરી, કચ્છ-ભુજ, પીન : ૩૭૦ ૦૦૧, ગુજરાત
ફોન (૦૨૮૩૨) ૨૫૦૦૨૦ (ઓ.) (૦૨૮૩૨) ૨૫૦૩૫૦
(ઘર) (૦૨૮૩૨) ૨૫૦૪૩૦ (ફેક્સ)
ઈમેલ: collector-kut@gujarat.gov.in

## મહારાષ્ટ્ર દુષ્કાળ પશુ રાહત - ૨૦૧૯

શ્રી વર્ધમાન પરિવારના અને અમારી સખી સંસ્થા અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘના અધ્યક્ષ શ્રી કેસરીચંદભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્રમાં માલેગાંવ જિલ્લામાં પણ ચાર કેટલ કેમ્પ ખોલવામાં આવ્યા હતા. શ્રી વિજયભાઈ મહેતા, શ્રી સંજયભાઈ કલંત્રી અને શ્રી મોહન સોનાવણે દ્વારા કેટલ કેમ્પોનું સંચાલન કરેલ જેમાં ૫,૬૦૦ પશુઓને જીવતદાન મળ્યું છે. જેમાં રૂપિયા બે કરોડનો ઘાસચારાનું વિતરણ કરવામાં આવેલ હતું. ●●●

## મહારાષ્ટ્ર પૂર રાહત કાર્ય - ૨૦૧૯




स्थापना : १७/०७/१९६७ | निर्मल ग्राम | फोन : (०२३४६) २३६७५१

महात्मा गांधी तंटामुक्त गांव

ग्रामपंचायत कार्यालय, सूर्यगांव

ता. पलूस, जि. सांगली (महाराष्ट्र)

दिनांक : 1/10/19

आभारपत्र

तुमचा एक हात मदतीचा 'लाख लाख मोलाचा'

मा. श्री वर्धमान परिवार
बोरीवली (पश्चिम) मुंबई

महोदय,

ऑगस्ट २०१९ मध्ये कृष्णा नदीला आलेल्या महापुराने आमच्या सूर्यगाव आणि परिसराची मोठी हानी झाली. [illegible]

[illegible]

आपले

सरपंच
ग्रामपंचायत सूर्यगांव
ता. पलूस, जि. सांगली

श्री वर્ધમાન પરિવાર દ્વારા મહારાષ્ટ્રના સાંગલી - કોલ્હાપુરમાં આભ ફાટી પડવાથી વરસાદના પાણીને લીધે ભયંકર પુરગ્રસ્ત વિસ્તારમાં પશુઓને ઘાસચારો પહોંચાડવાનું કાર્ય સાંગલી સંઘ તથા શ્રી વર્ધમાન પરિવારના શ્રી રાજેશભાઈ (ગામઃ કોડાઈ, કચ્છ)ની આગેવાની હેઠળ લગભગ ૧૫ ગામના પશુઓને રૂપિયા ૨૬ લાખનો ઘાસચારો પહોંચાડ્યો. ●●●

**૮૦જી હેઠળ**

| | | |
|---|---|---|
| Name | : | AKHIL BHARAT KRISHI GOSEVA SANGH |
| Bank | : | IDBI BANK LTD. |
| Branch | : | MALEGAON |
| A/c No. | : | 0533104000028264 |
| IFSC | : | IBKL0000533 |

## ચેરિટેબલ ટ્રસ્ટોએ હાલ બે ટકા કૉન્ટ્રીબ્યુશન ચાર્જિસ ભરવા ન જોઈએ

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા જૈન સંઘોને તથા અનેક ચેરિટેબલ ટ્રસ્ટોને વિનંતી કરવામાં આવે છે કે પી.આઈ.એલ. ૪૦/ ૨૦૦૭ મુજબ હાલ કોઈ ટ્રસ્ટોને સેસ ભરવાની જરૂરિયાત નથી. કેમકે મુંબઈવડી અદાલતનો સ્ટે ઑર્ડર હાલ અમલમાં છે.

મહારાષ્ટ્રના જૈન સંઘોને અગાઉ આ બાબત જાણ કરી હોવા છતાં ઘણાં બધા ટ્રસ્ટો આ અંગેનો સેસ હમણાં પણ ભરવાનું ચાલુ રાખ્યું હોવાથી બિનજરૂરી ટ્રસ્ટોના ફંડમાંથી દેવદ્રવ્યની રકમ ખોટી રીતે વેડફાઈ રહી છે તો આ અંગે ચેરિટી કમિશ્નર તરફથી હવે કોઈપણ દબાણ કરવામાં આવશે નહિં અને છતાં કોઈ ટ્રસ્ટોને ચેરિટ કમિશ્નર તરફથી આપને છેલ્લા ત્રણ ચાર વર્ષના સેસ ભરવા માટે કોઈપણ દબાણ કે નોટિસ આવે તો શ્રી વર્ધમાન પરિવાર આ બાબત નિઃશુલ્ક માર્ગદર્શન આપીને તેઓનો કેસ લડી આપશે.

મહાનગર પાલિકા દ્વારા લેવામાં આવતાં પ્રોપર્ટી ટેક્સમાં પણ એક્ઝમ્પશન **(Exemption)** મળી શકે છે. તેનો લાભ લઈને દેવદ્રવ્યના લાખો/કરોડો રૂપિયા દેવદ્રવ્યના લાખો /કરોડો રૂપિયા બચાવવા સંઘોને નમ્ર વિનંતિ છે.

જે ટ્રસ્ટ રજિસ્ટર્ડ હોય અને જે જમીન કે મકાન મિલ્કતોનો ઉપયોગ સંપૂર્ણપણે જાહેર પ્રાર્થના સ્થળ અથવા તો અન્ય ધાર્મિક ક્રિયાઓ કે ધર્માદાના હેતુઓ માટે કરવામાં આવતો હોય તેવા દેરાસર, ઉપાશ્રય કે આયંબિલ ખાતાની પ્રોપર્ટી ઉપરનો ટેક્સ મહાનગર પાલિકા એક્ટના સેક્શન ૧૪૩ (૧) (એ) હેઠળ ધ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૮૮૮ અંતર્ગત સંપૂર્ણ માફી મળી શકે છે.

તે માટે મહાનગર પાલિકામાં તે અંગે એક સાદી અરજી કરીને ટ્રસ્ટોનો રજિસ્ટ્રેશન નંબર, પેન નંબર તેમજ ઑડિટ હિસાબની છેલ્લા બે વરસની કૉપી સાથે કેટલાક ચાર્જિસને બાદ કરતાં સંપૂર્ણપણે માફી મળે છે. જોકે મુંબઈ નગરપાલિકાએ આ અંગે મુંબઈના ટ્રસ્ટોને મળતી આ રાહત દૂર કરવા હાલ મુંબઈની વડી અદાલતમાં આ અંગે કેસ ચાલુ છે. **Income Tax, GST, Property Tax, CESS** અનેક પ્રકારના જુદા જુદા કાયદાઓ યોગ્ય છે કે નહીં તે અંગેના હાઈકોર્ટના ચુકાદાઓ સાથે **Ready Reckoner** સમાન જૈન સંઘોને માર્ગદર્શન આપતું દળદાર પુસ્તક(મહત્ત્વની માહિતીઓનું સંકલન).

આપશ્રીને મળેલા અધિકારનો સદુપયોગ કરીને જૈનસંઘોએ સામૂહિક રીતે ઉપરોક્ત બંને કરમાફીનો લાભ લઈને ધર્મદ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ. ●●●

## ધાર્મિક દ્રવ્યને સામાજિક કાર્યમાં ડોનેશન આપવા માટેનો પરિપત્ર રદ્દ કરાવ્યો

તાજેતરમાં જ ચેરિટી કમિશ્નર દ્વારા ધાર્મિક દ્રવ્યમાંથી સામાજીક કાર્યો માટે ડોનેશન આપવા માટે જે સરક્યુલર ઈશ્યૂ થયો હતો તેને રદ કરાવવા વિધાનસભ્ય શ્રી મંગલ પ્રભાતજી લોઢા સાથે રહીને ધર્મદ્રવ્યો પર આવનારૂ આક્રમણ તત્કાલ રદ કરાવ્યું હતું. ભવિષ્યમાં પણ આવનારી ધર્મદ્રવ્યો પરની આફતને નિવારવા આગોતરૂ આયોજન ચાલી રહ્યું છે. ●●●

# અમારી અંતરની ભાવના

સમગ્ર દેશમાં ચાલી રહેલા કોઈપણ કાર્યમાં અહિંસાપ્રેમીઓ દ્વારા જે કંઈપણ કાયદાકિય માર્ગદર્શન જોઈતું હોય તો શ્રી વર્ધમાન પરીવારના શ્રી કમલેશભાઈની આગેવાની હેઠળ ઠોસ રિસર્ચ વર્ક અને કાયદાકીય બેકીંગના સહારે ઉચિત્ સહાય કરવામાં આવી રહી છે. હાલ ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યામાં સૌથી મોટો ફાળો ૨૧ ટકા જેટલો મીટ એક્સપોર્ટનો છે.

છતાં મીટ એક્સપોર્ટમાં ભારત દેશ નં. ૧ ઉપર છે, બીફ એક્સપોર્ટમાં ભારત નં. ૨ ઉપર છે અને ઈંડાના પ્રોડક્શનમાં ભારત નં. ૩ પર છે. હાલ પ્રતિવર્ષ ૮૦ અબજ ઈંડાનું પ્રોડક્શન થાય છે તે ૧૦૦ અબજ ઈંડા સુધી લઈ જવાની સરકાર આયોજન કરી રહી છે.

૩૫ હજાર કરોડ ટન માંછલાઓનું ઉત્પાદન હવે બ્લ્યુ રિવોલ્યુશન અંતર્ગત ૧ લાખ કરોડ ટન સુધી લઈ જવાની નેમ રાખે છે. ૧ કિલો બીફના માંસના ઉત્પાદનમાં ૧૫૪૦૦ લિટર પાણી વપરાઈ જાય છે અને ઘેટાનું ૧ કિલો માંસ પેદા કરવામાં ૧૦૪૦૦ લિટર પાણીનો વપરાશ થાય છે. અમારી ભાવના છે કે, સમગ્ર દેશમાંથી મીટ એક્સપોર્ટ બંધ થાય, જીવતા પશુઓની નિકાસ પર સંપૂર્ણ બંધી આવે, સમગ્ર દેશમાં સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંધનો કાયદો અમલમાં આવે તે માટે અરિહંત પરમાત્માની કૃપા અમારા પર ઉતરે, આપના આશીર્વચનો અને મંગલ કામનાની મૂડી સાથે અમો આ કાર્ય કરવા માટે સક્ષમ બનીએ એવી અમારી પ્રાર્થના, અભ્યર્થના અને મનોકામના છે. ●●●

# પુણ્યશાળી ઉદાર દાનવીરોને વિનંતી

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા ગામડાઓમાં જ અઢાર વર્ણોની દરેક જ્ઞાતિઓને રોજીરોટી મળે સાથે સાથે પશુપાલકો દ્વારા પશુઓને અભયદાન મળે તેમજ પશુઓના છાણ-મૂત્રમાંથી જુદી-જુદી દવાઓ જેવી કે ખેતીમાં પાક સારો થાય અને ગૌમૂત્રમાંથી બનાવેલ 'જીવામૃત' તથા 'અમૃત સંજીવની' નાંખવાથી ખેતીમાં જીવાતો નથી થતી તથા થયેલ હોય તો તે ઉડી જાય છે. 'ફર્ટિલાઈઝર' દ્વારા સમગ્ર માનવપ્રજામાં રોગ પ્રતિકારક શક્તિ ખલાસ થઈ છે. તેને આ ગૌમૂત્ર આધારિત વ્યવસ્થાની પુનઃસ્થાપના થાય તેવી પ્રવૃત્તિ... તેમજ કુંભારોને માટીના નળિયા બનાવવા- સુથારો કામ, ગામડાઓમાં બળદથી ખેતી કરવાની સમજણ. બળદ-ગાડાઓ દ્વારા માલનું પરિવહન તેમજ આયુર્વેદિક કેમ્પો દ્વારા લોકજાગરણ આ બધા જ કાર્યમાં શ્રી વર્ધમાન પરિવાર દ્વારા 'સંસ્કૃતિ રક્ષા' અભિયાનમાં આપનું દાન આપીને પશુઓને, પાંજરાપોળ જતા તથા કસાઈઓને વેચાણ કરતા અટકી જાય જેને કારણે પશુઓને છાણ-મૂત્રની કિંમત પશુપાલકોને મળે તો તે પશુઓને પોતાની પાસે જ રાખે. તેવી રીતે સમગ્ર આયોજન કરવા માટે દાન માટેની અપીલ છે. ●●●

## બૅન્કની વિગતો

**NAME : SHREE VARDHMAN PARIVAR**

| | | જીવદયા | સંસ્કૃતિ રક્ષા |
|---|---|---|---|
| Bank | : | IDBI BANK | DENA BANK |
| Branch | : | BORIVALI (WEST) | BORIVALI (WEST) |
| A/c No. | : | 0571104000062569 | 006010010189 |
| IFSC | : | IBKL0000571 | BKDN0460060 |

'Printed Books only ' Posted under clause
121 & 114(7) of P&T guide

From, શ્રી વર્ધમાન પરિવાર
(પ્રભાવતીબેન છગનભાઈ સરકાર ભવન)
૬, ધન મેન્શન, ૧લે માળે, અવંતીકાબાઈ ગોખલે સ્ટ્રીટ,
મારવાડી વિદ્યાલયની બાજુમાં, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૩૮૮ ૭૬૩૭
ફૅક્સ નં.: (૦૨૨) ૨૩૮૯ ૫૮૫૭
E-mail : vardhmanparivar@yahoo.com
vardhmanparivarborivali@gmail.com
www.shreevardhmanparivar.com

પત્રવ્યવહાર સરનામું
શ્રી વર્ધમાન પરિવાર,
૧૦૧, સુંદરધામ કો-ઓ.હા. સોસાયટી,
વૈભવ બિલ્ડિંગની પાછળ, જાંબલી ગલી,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૦૨૨-૨૮૯૬૨૫૪

To,
__________
__________
__________